
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૪૬ | ૫ ઓગસ્ટ, ૨૦૧૭, શનિવાર ; શ્રાવણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ધાનેરા પાસે રાહુલની કાર પર પથ્થર ફેંકાયો

**પથ્થરમારાની ઘટનામાં ભાજપનો હાથ હોવાનો કોંગ્રેસનો આક્ષેપ : પુરપીડિતોને મળવા પહોંચેલા રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારાની ઘટનાને લઇ કોંગ્રેસ દ્વારા ધાનેરા પોલીસમથકમાં ફરિયાદ**





પાલનપુર, તા.૪

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આજે પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે હતા ત્યારે આજે સાંજે ધાનેરા લાલચોક પાસે રાહુલ ગાંધીની કાર પર અચાનક પથ્થર વડે હુમલો થતાં જબરદસ્ત ચકચાર મચી ગઈ હતી. પથ્થરમારાના હુમલાને કારણે રાહુલ ગાંધીની કારના કાચ તૂટી ગયા હતા અને એસપીજી જવાનને હાથમાં ઈજા પહોંચી હતી. કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલ, અભિષેક મનુ સિંઘવી સહિતના નેતાઓએ રાહુલ ગાંધી પરના હુમલાને આકરા શબ્દોમાં વખોડી તેને ભાજપનું કાવતરૂં ગણાવ્યું હતું. બીજીબાજુ, રાહુલ ગાંધીની કાર પર હુમલાના બનાવ સંદર્ભે કોંગ્રેસે ધાનેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની બનાસકાંઠા જિલ્લામાં પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત દરમ્યાન તેમની કાર પર પથ્થરમારાની હુમલાને લઈ ફરી એકવાર ગુજરાતનું રાજકારણ ગરમાયું હતું. એકબાજુ, કોંગ્રેસે આ હુમલા માટે ભાજપને જવાબદાર ગણાવી તેનું કાવતરૂ ગણાવ્યું હતું તો, બીજીબાજુ, ભાજપે કોંગ્રેસના આક્ષેપનું ખંડન કર્યું હતું. આ સમગ્ર મામલાની વિગત એવી છે કે, કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ

● અનુસંધાન પાન-૭ પર

## કાળા વાવટા કે પથ્થરથી અમે ડરીશુ નહિ : રાહુલ ગાંધી

**પૂર પીડિતોને મળવા આવેલા કોંગ્રેસ ઉપાધ્યક્ષ પર હુમલો, મોદી-મોદીના નારા લાગ્યા : ધાનેરામાં પોલીસની હાજરીમાં કારના કાચ તૂટ્યા, એસપીજી જવાનના હાથમાં થઈ ઈજા, રાહુલ ગાંધીનો બચાવ**



પાલનપુર,તા.૪

ધાનેરાની મુલાકાતે પહોંચેલા રાહુલ ગાંધી એ એક જ પરિવારના ૧૫ સભ્યોના મોતથયાં હતાં તે રાવતાભાઈની મુલાકાત લીધી હતી. અને ઘટના કેવી રીતે ઘટી તેની તલસ્પર્શી માહિતી મેળવી દિવગંતોને શ્રદ્ધાંજલી પાઠવી હતી. અને હેવે સરકાર તરફથી શું કેવી મદદ મળી રહી છે તે વિશે પૃચ્છા કર્યા બાદ, તેમણે પત્રકારો સમક્ષ કહ્યું હતું કે સરકાર દ્વારા દાવા કરવા એ બીજવાત છે પણ વાસ્તવમાં હજી અહિં કોઈ સરકારી સહાય મળી નથી. અહીં લોકોએ મોદી, મોદીના નારા પણ લગાવ્યા હતા. રાહુલ ગાંધીએ અહીં ટૂંકુ સંબોધન કર્યું હતું. જેમાં તેમણે કહ્યું કે અમને કાળા વાવટા બતાવવાથી કોઈ ફરક નહીં પડે. ગુજરાત કે દિલ્હીમાં અમારી સરકાર નથી. પરંતુ કોંગ્રેસના કાર્યકરો પૂર પીડિતોની સાથે છે.

## ન્યુઝ ટ્રેક

### આજે ઉપરાષ્ટ્રપતિ પદ માટે મતદાન

દેશના ઉપરાષ્ટ્રપતિ પદ માટેનુ મતદાન આજે સંસદભવનના સેન્ટ્રલ હોલમાં યોજાશે. ભાજપના ઉમેદવાર વૈંકેયા નાયડુ અને કોંગ્રેસના ગોપાલકૃષ્ણ ગાંધી વચ્ચે ચૂંટણીજંગ યોજાશે. લોકસભા અને રાજ્યસભાના સભ્યો મતદાનમાં ભાજપના ઉમેદવારની જીત નિશ્ચિત મનાઈ રહી છે.

### રાબડીદેવીને વિપક્ષનું નેતાપદ ન મળ્યું



બિહાર વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતાપદ માટે રાબડીદેવીની ઉમેદવારી અમાન્ય ઠરી હતી. ૭૫ સભ્યોના ગૃહમાં વિરોધ પક્ષના નેતા માટે ૯ સભ્યોનું સમર્થન જોઈએ તેના બદલે આરજેડીના ૭ સભ્યો જ હોવાથી રાબડીદેવી વિપક્ષના નેતા બની શક્યા નહી.

### કોલંબોમાં રનનો વરસાદ

ભારત-શ્રીલંકા વચ્ચેની બીજી ટેસ્ટમાં પણ ભારતે ૬૨૨ રનનો જંગી સ્કોર કરી દાવ ડિકલેર કર્યો. રહાણે અને પૂંજારાએ ૧૩૩-૧૩૨ રન કરી મહત્વનું યોગદાન આપ્યું. બંને ટેસ્ટમાં ભારતે ૫૦૦થી વધુ રનનો સ્કોર નોંધાવ્યો.

## રાહુલ ગાંધી પરનો હુમલો નિંદનીય ઘટના : નીતિન પટેલ

**કોઇનો વિરોધ કરવો હોય તો પણ વિવેકપૂર્ણરીતે જ કરવો જોઇએ : કાંકરીચાળો કે પથ્થરમારો યોગ્ય કહેવાય નહીં**

ગાંધીનગર, તા.૪

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પર બનાસકાંઠામાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમ્યાન થયેલા હિંસક હુમલાને રાજયના નાયબ મુખ્યપ્રધાને પણ નિંદનીય ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કોઈનો પણ વિરોધ કરવો હોય તો વિવેકપૂર્ણ રીતે કરવો જોઈએ. કાંકરીચાળો કે પથ્થરમારો કોઈપણ પ્રકારે યોગ્ય ના કહી શકાય.

નાયબ મુખ્યપ્રધાને રાહુલ ગાંધી પર હુમલા અંગે પ્રતિક્રિયા આપતાં

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ ગાંધી ઉપર હુમલો થતાં ભાજપનો ચહેરો ખુલ્લો પડ્યો : મનુ સિંઘવી

અમદાવાદ, તા.૪

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની કાર પર આજે બનાસકાંઠા જિલ્લામાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમ્યાન થયેલા હુમલાના ગુજરાત કોંગ્રેસથી લઈ દિલ્હીના કોંગ્રેસ સુધી ઘેરા પ્રત્યાઘાતો જોવા મળ્યા હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓએ તો રાહુલ ગાંધી પર પથ્થરમારો કરાવવાના હુમલા માટે ભાજપને જવાબદાર ઠરાવી તેને આડા હાથે લીધુ હતું. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અભિષેક મનુ સિંઘવીએ ભાજપની આકરી નિંદા કરતા અને હુમલાને વખોડતા જણાવ્યું હતું કે, ભાજપ તેની ગંદી રાજનીતિ માટે ગમે તે હદ સુધી જઈ શકે છે અને ગમે તે કરી શકે છે. ભાજપને દેશની સંસ્કૃતિ અને લોકશાહી વ્યવસ્થાની પડી

**ભાજપને સંસ્કૃતિ-લોકશાહીની પડી જ નથી : ભાજપ ગંદી રાજનીતિમાં ગમે તે હદ સુધી જવા સુસજ્જ**

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભામાં ભાજપ હવે સૌથી મોટી પાર્ટી

**રાજ્યસભામાં ભાજપના હવે ૫૮, કોંગ્રેસના ૫૭ સાંસદ**

નવી દિલ્હી,તા. ૪

ભારતીય જનતા પાર્ટી રાજ્યસભામાં કોંગ્રેસને સીટોના મામલ પાછળ છોડીને હવે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી ચુકી છે. રાજયસભામાં પણ ભાજપના હવે ૫૮ સભ્યો થઇ ગયા છે. જ્યારે કોંગ્રેસના સભ્યોની સંખ્યા ૫૭ રહી છે. મધ્યપ્રદેશમાં થયેલી પેટાચૂંટણી બાદ રાજ્યસભા માં નિમાયેલા ભાજપના સાંસદ સમ્પતિયા ઉઈકે એ ગુરૂવારના દિવસ શપથ લીધા હતા. કેન્દ્રિય પ્રધાન અનિલ માધવ દવેના નિધન બાદ આ સીટ ચૂંટણી યોજવાની ફરજ પડી હતી. ઉઈકેની ચૂંટણી બિનહરિફ થઈ હતી. નરેન્દ્ર મોદી સરકાર મે ૨૦૧૪માં સત્તામાં આવ્યા બાદ આ પ્રથમ વખત આવ્યુ બન્યુ છે જ્યારે રાજ્યસભામાં ભગવા પાર્ટીના સભ્યોની સંખ્યા સૌથી વધારે થઈ છે. ભાજપના નેતૃત્વમાં એનડીએની પાસે અલબત્ત હજુ પણ રાજ્યસભામાં નિર્ણાયક બહુમતિ નથી. પરંતુ જેડીયુની સાથે આવ્યા બાદ તેની તાકાત ચોક્કસપણે વધી છે. બહુમતિના આંકડા સુધી પહોંચવા માટે ભાજપને હવે ૨૦૧૮ સુધી રાહ જોવી પડશે. એ વખતે ઉત્તરપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં રાજ્યસભા માટે ચૂંટણી યોજાનાર છે. મંગળવારના દિવસે નવ સીટ માટે ચૂંટણી યોજાનાર છે. જે પૈકી છ સીટ પશ્ચિમ બંગાળની અને ત્રણ સીટ ગુજરાતની છે. જો કે આના કારણે ભાજપની લીડ પર કોઈ અસર થશે નહી. કારણ કે ભાજપે ગુજરાતની બે સીટ પર જીત મેળવી લેવા માટે

● અનુસંધાન પાન-૭ પર



હાર્દિક અભિનંદન

ગુજરાત બ્રિકસ મેન્યુફેકચરર્સ ફેડરેશન તથા અમદાવાદ બ્રિકસ મેન્યુફેકચરર્સ એસોસીએશનના અધ્યક્ષ શ્રી દેવેન્દ્રભાઈ નારાયણભાઈ પ્રજાપતિની ઓલ ઈન્ડિયા બ્રિક એન્ડ ટાઈલ્સ મેન્યુફેકચરર્સ ફેડરેશન ન્યુ દિલ્હીના અધ્યક્ષ તરીકે તાજેતરમાં ૨ વર્ષની ટર્મ માટે સર્વાનુમતે વરણી થવા બદલ ખુબ ખુબ અભિનંદન.
આપની અધ્યક્ષ તરીકેની ટર્મ દરમિયાન ગુજરાત અને સમગ્ર દેશમાં સંસ્થાની તથા ઉદ્યોગની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી અભ્યર્થના...

: શુભેચ્છકો :

ગુજરાત બ્રિકસ મેન્યુફેકચરર્સ ફેડરેશન
જયંતિભાઈ બી. દલવાડી-ઉપપ્રમુખ
ખોડાભાઈ વી. પ્રજાપતિ-ઉપપ્રમુખ
મહેન્દ્રભાઈ કે. પ્રજાપતિ-મહામંત્રી
ચંદુભાઈ એલ. જાદવ-મંત્રી
ભોગીભાઈ પી. પ્રજાપતિ-ખજાનચી
ભરતભાઈ એસ. પ્રજાપતિ-સહમંત્રી
ભગવતભાઈ એમ. દલવાડી-સહમંત્રી
કનુભાઈ આઈ. પ્રજાપતિ-ઉત્તર ઝોન કન્વીનર
રતિલાલ ગોરવાડીયા-સૌરાષ્ટ્ર-કચ્છ ઝોન કન્વીનર
અયુબભાઈ ચોકીવાલા-દક્ષિણ ઝોન કન્વીનર

અમદાવાદ બ્રિકસ મેન્યુ. એસોસીએશન
જગદીશભાઈ એચ. પ્રજાપતિ-ઉપપ્રમુખ
કાંતિભાઈ એમ. પ્રજાપતિ-ઉપપ્રમુખ
મનુભાઈ આર. પ્રજાપતિ-ઉપપ્રમુખ
જયેશભાઈ કે. પ્રજાપતિ-મંત્રી
પરષોત્તમભાઈ બી. પ્રજાપતિ-ખજાનચી
હિરેનભાઈ એન. પ્રજાપતિ-સહમંત્રી
રમણભાઈ ડી. પ્રજાપતિ-સહમંત્રી
ભગવતભાઈ પી. પ્રજાપતિ-સહમંત્રી
નારણભાઈ વી. પ્રજાપતિ-ઓડીટર

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951 નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેકટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

BIG FAT SALE!
Upto 30% OFF*
Suits, Kurtis, Leggings, Skirts, Dresses, Gowns, Designer outfits, Dress Materials
Customised wear, Duppattas, Bags, Clutches, Perfumes, Gift sets, Accessories, And much more....
bhagwati vastram
Radhe Square complex, Nr reliance crossroads, Kudasan, Gandhinagar, 079 6572 0005

Premium assorted kaju Sweets
Gift Box
16 pieces | approx. 350g.
350 rs.
We deliver our products across India and Abroad.
Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com

આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415